S A M V A D E - J O U R N A L
ISSN (Online) : 2583-8334
(International Peer-Reviewed Refereed Journal)
Volume 3, Issue-2, January to March : 2025
Published by Rangmati Publication http://www.rangmatipublication.com/

# ભારતમાં સ્થળાંતર વસ્તી ગણતરીના આંકડાનું વિશ્લેષણ

*ડૉ. પ્રવિણકુમાર એમ. હાંડા*

**રૂપરેખા**

દેશ કે દુનિયાના કોઈ પણ બે વિસ્તારોની આર્થિક, સામાજિક, સાંસ્કૃતિક, આંતર-માળખાકીય કે બીજી અન્ય બાબતોની સાથે સરખામણીની કરીએ તો તેમાં જુદા-જુદા પ્રકારના તફાવતો જોવા મળતા હોય છે. આ તફાવતોના કારણે લોકો એક સ્થળે થી બીજા સ્થળે સ્થળાંતર કરે છે. આ સ્થળાંતર આંતર-રાષ્ટ્રીય, રાષ્ટ્રીય, આંતર-જીલ્લા, ગ્રામીણ શહેરી, શહેરી શહેરી કે પછી શહેરી થી ગ્રામીણ અથવા સ્થાનિક કક્ષાનું પણ હોઈ શકે છે. ભારત દેશની કુલ વસ્તી 1,21,01,93,455 છે, તેમાંથી 30,71,50,157 લોકો સ્થળાંતર કરે છે. જે દેશની કુલ વસ્તીના 29.86 ટકા છે. આમ દેશની, રાજયની કે જીલ્લાની વાત કરીએ દેશના કેટલાક વિસ્તારોમાં હાલમાં પણ પુરતા પ્રમાણમાં આર્થિક, સામાજિક, આંતર-માળખાકીય બાબતોનો વિકાસ થયો નથી. તેથી આવા વિસ્તારોમાંથી લોકોને રોજગારી, વેપાર, વ્યવસાય, શિક્ષણ વગેરે જેવા તેમજ અન્ય કારણોસર લોકોને અન્ય વિસ્તારોમાં સ્થળાંતર કરવું પડે છે. તો પ્રસ્તુત લેખમાં ભારતમાં થતા સ્થળાંતરનો પ્રવાહ, સ્થળાંતરના કારણો, જન્મ સ્થળથી સ્થળાંતર વગેરે બાબતોને વસ્તી ગણતરીના આંકડાનો આધાર લઈને સમજાવવાનો પ્રયાસ કરવામાં આવેલ છે.

- ❖ સ્થળાંતરનો અર્થ
- ❖ POPULATION STUDY INDIA
- ❖ INTERNATIONAL ORGANIZATION FOR MIGRATION
- ❖ ભારતમાં સ્થળાંતર

(1) ભારતમાં જન્મ સ્થળથી સ્થળાંતર
(2) ભારતમાં છેલ્લા રહેઠાણથી સ્થળાંતર
(3) ભારતમાં સ્થળાંતરનાં કારણો
(4) ભારતમાં સ્થળાંતરનો પ્રવાહ

- ❖ સમાપન

**પ્રસ્તાવના**

દેશ કે દુનિયાના કોઈ પણ બે વિસ્તારોની સરખામણી કરીએ તો તેમાં આર્થિક, સામાજિક, સાંસ્કૃતિક, આંતર-માળખાકીય કે બીજી અન્ય બાબતોમાં જુદા-જુદા પ્રકારના તફાવતો જોવા મળતા હોય છે. આ તફાવતોના કારણે લોકો એક સ્થળે થી બીજા સ્થળે સ્થળાંતર કરે છે. આ સ્થળાંતર આંતર-રાષ્ટ્રીય, રાષ્ટ્રીય, આંતર-જીલ્લા, ગ્રામીણ શહેરી, શહેરી શહેરી કે પછી શહેરી થી ગ્રામીણ અથવા સ્થાનિક કક્ષાનું પણ હોઈ શકે છે. ભારત દેશની કુલ વસ્તી 1,21,01,93,455 છે, તેમાંથી 30,71,50,157 લોકો સ્થળાંતર કરે છે. જે દેશની કુલ વસ્તીના 29.86 ટકા છે. આમ દેશની, રાજયની કે જીલ્લાની વાત કરીએ દેશના કેટલાક વિસ્તારોમાં હાલમાં પણ પુરતા પ્રમાણમાં આર્થિક,સામાજિક, આંતર-માળખાકીય બાબતોનો વિકાસ થયો નથી. તેથી આવા વિસ્તારોમાંથી લોકોને રોજગારી, વેપાર, વ્યવસાય, શિક્ષણ વગેરે જેવા તેમજ અન્ય કારણોસર લોકોને અન્ય વિસ્તારોમાં સ્થળાંતર કરવું પડે છે.


ડૉ. પ્રવિણકુમાર એમ. હાંડા, આસિસ્ટન્ટ પ્રોફેસર, સરકારી વિનયન કોલેજ શહેરા., તા-શહેરા જી-પંચમહાલ, પિન નં:-389210

ભારતમાં થતા સ્થળાંતરનો પ્રવાહ, સ્થળાંતરના કારણો, જન્મ સ્થળથી સ્થળાંતર વગેરે બાબતોને વસ્તી ગણતરીના આંકડાનો આધાર લઈને સમજાવવાનો પ્રયાસ કરવામાં આવેલ છે. જે નીચે મુજબ છે.

❖ **સ્થળાંતરનો અર્થ**

સામાન્ય અર્થમાં એક સ્થળે થી બીજા સ્થળે વસવાટ કરવો તે સ્થળાંતર. આપણા કુટુંબમાંથી બહારગામ અથવા પરદેશ ગયેલા પરિચિતો પણ સ્થળાંતરિતો જ ગણાય પરંતુ સ્થળાંતર અંગેની શાસ્ત્રીય વ્યાખ્યા પ્રમાણે **"દુરના સ્થળે તથા લાંબા ગાળા સુધી વ્યક્તિનો વસવાટ એટલે સ્થળાંતર"** આમ આ વ્યાખ્યા પ્રમાણે બે બાબતો સ્પષ્ટ બને છે એક સ્થળાંતર લાંબા સમય માટેનું હોય છે અને બીજું સ્થળાંતર વ્યક્તિ માટે એક સ્થળેથી બીજા દુરના સ્થળે જવા સાથે સંકળાયેલું છે. જેનાં માટે આર્થિક તેમજ બિન આર્થિક કારણો જવાબદાર હોઈ શકે છે.

❖ **POPULATION STUDY INDIA**

"સ્થળાંતર એટલે કે વ્યક્તિના કાયમી અથવા અર્ધ કાયમી રહેઠાણના સ્થળમાં ફેરફાર થાય તેને સ્થળાંતર કહેવામાં આવે છે." જયારે વસ્તી ગણતરી કરવામાં આવે છે ત્યારે વ્યક્તિ જે સ્થળે વસવાટ કરતો હોય તેને રહેઠાણનું સ્થળ તેમજ જે સ્થળે તે અગાઉ વસવાટ કરતો હતો તેને રહેઠાણનું છેલ્લું સ્થળ ગણવામાં આવે છે.

❖ **INTERNATIONAL ORGANIZATION FOR MIGRATION**

આઈ.ઓ.એમના મતે સ્થળાંતર એટલે **"કોઈ પણ વ્યક્તિ કે જે પોતાના નિવાસસ્થાન થી અથવા આંતર-રાષ્ટ્રીય સરહદ વટાવીને અન્ય સ્થળે રહેતી હોય તેને સ્થળાંતર તરીકે ઓળખવામાં આવે છે"** તેની સાથે સાથે તેમને આંતર-રાષ્ટ્રીય શ્રમ સ્થળાંતરની વ્યાખ્યા પણ આપી છે. તે જોઈએ તો **"એક દેશમાંથી અન્ય દેશમાં જે લોકો રોજગારી મેળવવા માટે સ્થળાંતર કરે છે તેને આંતર-રાષ્ટ્રીય શ્રમ સ્થળાંતર કહેવામાં આવે છે"** 2011નાં WORLD BANKનાં ડેટા પ્રમાણે 105 મિલિયન લોકોએ જન્મ પછી અન્ય દેશમાં સ્થળાંતર કર્યું છે. તેમજ 440 બિલિયન ડોલર આ સ્થળાંતરિત લોકોએ કમાણી કરી છે અને તેમાંથી 350 બિલિયન ડોલર કમાણી વિકાસશીલ દેશોમાં મોકલી છે.

❖ **ભારતમાં સ્થળાંતર**

ભારત દેશમાં રાજય રાજય વચ્ચે, જીલ્લા જીલ્લા વચ્ચે, પ્રદેશ પ્રદેશ વચ્ચે, શહેરો અને ગામડાઓ વચ્ચે થતા સ્થળાંતરની વિગતો અને સ્થળાંતરના કારણો વગેરેની માહિતી વિગતવાર સમજાવવામાં આવેલ છે, નીચે મુજબ છે.

**1) ભારતમાં જન્મ સ્થળથી સ્થળાંતર**

ભારત દેશની કુલ વસ્તીમાંથી 30,71,50,157 લોકો જન્મ સ્થળથી સ્થળાંતર કરે છે, જેની વિગતે માહિતી નીચેના કોષ્ટકમાં આપવામાં આવી છે.

| ક્રમ | સ્થળાંતર | પુરુષ | સ્ત્રી | કુલ | ટકા |
|---|---|---|---|---|---|
| 1 | બાહ્ય જીલ્લા સ્થળાંતર | 4,27,81,678 | 13,90,17,959 | 18,17,99,637 | 17.67 |
| 2 | આંતર-જીલ્લા સ્થળાંતર | 2,47,78,327 | 5,20,63,139 | 7,68,41,466 | 7.47 |
| 3 | આંતર-રાજય સ્થળાંતર | 1,96,75,774 | 2,26,65,929 | 4,23,41,703 | 4.11 |
| 4 | આંતર-રાષ્ટ્રીય સ્થળાંતર | 31,74,717 | 29,92,213 | 61,66,930 | 0.59 |
| 5 | અવર્ગીકૃત | 194 | 227 | 421 | 0.00 |
| | કુલ સ્થળાંતર | 9,04,10,690 | 21,67,39,467 | 30,71,50,157 | 29.86 |

**પ્રાપ્તિ સ્થાન:- D-1 MIGRATION TABLES-(D-SERIES) CENSUS OF INDIA 2001**

ભારતમાં જીલ્લાની અંદર થતું સ્થળાંતર જોઈએ તો, 2001ની વસ્તી ગણતરી પ્રમાણે 18,17,99,637 લોકોએ સ્થળાંતર કર્યું હતું, જે કુલ વસ્તીના 17.67 ટકા છે. જયારે આંતર-જીલ્લા સ્થળાંતર 76,8,41,466 હતું જે કુલ વસ્તીના 7.47 ટકા છે.

ભારતમાં જન્મ સ્થળથી થતા આંતર-રાજય સ્થળાંતરની વિગત જોઈએ તો 2001માં 4,23.41,703 હતું, જે કુલ વસ્તીના 4.11 ટકા છે. જયારે આંતર-રાષ્ટ્રીય સ્થળાંતર 61,66,930 છે, જે કુલ વસ્તીના 4.11 ટકા છે.

આમ, ભારત દેશની કુલ વસ્તીમાંથી 30,71,50,157 એટલે કે કુલ વસ્તીનાં 29.86 ટકા લોકો જન્મ સ્થળથી વિવિધ અન્ય સ્થળે સ્થળાંતર કરે છે. ઉપરોક્ત કોષ્ટક પ્રમાણે જોઈએ તો દેશમાં સૌથી વધુ જીલ્લાની અંદર જ 17.67 ટકા સ્થળાંતર થાય છે.

**2) ભારતમાં છેલ્લા રહેઠાણથી સ્થળાંતર**

ભારતમાં જન્મ સ્થળથી થતા સ્થળાંતરની વિગતો જોયા બાદ હવે દેશમાં છેલ્લા રહેઠાણથી થતા સ્થળાંતરની વિગતો જોઈશું જેની વિગતો નીચેના કોષ્ટકમાં આપવામાં આવેલ છે.

| ક્રમ | સ્થળાંતર | પુરુષ | સ્ત્રી | કુલ | ટકા |
|---|---|---|---|---|---|
| 1 | બાહ્ય જીલ્લા સ્થળાંતર | 4,73,37,924 | 14,62,55,014 | 19,35,92,938 | 61.54 |
| 2 | આંતર-જીલ્લા સ્થળાંતર | 2,42,41,706 | 5,03,84,616 | 7,46,26,322 | 23.72 |
| 3 | આંતર-રાજ્ય સ્થળાંતર | 1,90,98,082 | 2,20,68,183 | 4,11,66,265 | 13.08 |
| 4 | આંતર-રાષ્ટ્રીય સ્થળાંતર | 26,83,914 | 24,71,509 | 51,55,423 | 1.63 |
| 5 | અવર્ગીકૃત | 183 | 219 | 402 | 0.01 |
| | કુલ સ્થળાંતર | 9,33,61,809 | 22,11,79,541 | 31,45,41,350 | 100 |

**પ્રાપ્તિ સ્થાન:- D-2: MIGRATION TABLES-(D-SERIES) CENSUS OF INDIA 2001**

ઉપરોક્ત કોષ્ટકમાં દેશમાં છેલ્લા રહેઠાણથી થતા સ્થળાંતરની આંકડાકીય માહિતી આપવામાં આવેલી છે. જેમાં જીલ્લાની અંદર થતા સ્થળાંતરની વાત કરીએ તો 19,35,92,938 છે, જે દેશના કુલ સ્થળાંતરનાં 61.54 ટકા છે, જયારે દેશમાં 74,62,632 આંતર-જીલ્લા સ્થળાંતર થાય છે, જે દેશના કુલ સ્થળાંતરનાં 23.72 ટકા છે.

દેશમાં 4,11,66,265 આંતર-રાજ્ય સ્થળાંતર થાય છે, જે દેશની કુલ વસ્તીના 13.08 ટકા છે. જયારે 51,55,423 આંતર-રાષ્ટ્રીય સ્થળાંતર થાય છે, જે દેશની કુલ વસ્તીનાં 1.63 ટકા છે.

આમ, દેશમાં કુલ સ્થળાંતર 31,45,41,350 છે, તેમાંથી દેશના કુલ સ્થળાંતરનાં 61.54 ટકા સૌથી વધુ જીલ્લાની અંદર જ સ્થળાંતર થાય છે.

**3) ભારતમાં સ્થળાંતરનાં કારણો**

**4)** ભારતમાં લોકો રોજગારી ,વેપાર ,શિક્ષણ ,લગ્ન ,જન્મ પછી ,અને ઘરગથ્થું સાથે વગેરે કારણોસર સ્થળાંતર કરે છે ,તેની વિગતોમાં આંતર-રાષ્ટ્રીય અને આંતર-રાજ્ય સ્થળાંતર ઉપરાંત આ સ્થળાંતર લોકો કેટલા સમય માટે સ્થળાંતર કરે છે તેની વિગતો સમજાવવા માટે સમયગાળા પમાણે કુલ પાંચ વિભાગો પાડવામાં આવેલા છે .જેની સંપૂર્ણ વિગતો નીચેના કોષ્ટકમાં છે.

| ક્રમ | રહેઠાણનો સમયગાળો | છેલ્લું રહેઠાણ | કુલ સ્થળાંતર | રોજગારી | વેપાર | શિક્ષણ | લગ્ન | જન્મ પછી | ઘરગથ્થું સાથે | અન્ય |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | બધો સમયગાળો | આંતર-રાષ્ટ્રીય | 5,155,423 | 452,232 | 59,036 | 41,944 | 636,339 | 30,132 | 2,059,314 | 1,876,426 |
| 2 | બધો સમયગાળો | આંતર-રાજ્ય | 41,166,265 | 10,865,197 | 816,572 | 549,372 | 12,233,530 | 1,593,918 | 9,708,178 | 5,399,498 |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 3 | એક વર્ષથી ઓછો | આંતર-રાષ્ટ્રીય | 77,196 | 30,680 | 826 | 1,679 | 4,352 | 825 | 19,468 | 19,366 |
| 4 | એક વર્ષથી ઓછો | આંતર-રાજ્ય | 2,014,770 | 784,138 | 30,136 | 46,756 | 142,081 | 59,571 | 705,938 | 246,150 |
| 5 | 1 થી 4 વર્ષ | આંતર-રાષ્ટ્રીય | 329,199 | 87,094 | 4,604 | 15,527 | 58,232 | 3,229 | 93,816 | 66,697 |
| 6 | 1 થી 4 વર્ષ | આંતર-રાજ્ય | 8276637 | 2633007 | 143842 | 323061 | 1744,035 | 286,392 | 2446928 | 699372 |
| 7 | 5 થી 9 વર્ષ | આંતર-રાષ્ટ્રીય | 334,472 | 55,508 | 4,809 | 6,199 | 67,467 | 3,045 | 125,231 | 72,213 |
| 8 | 5 થી 9 વર્ષ | આંતર-રાજ્ય | 6535,472 | 1,942,871 | 136537 | 72,389 | 1868,728 | 293,607 | 1,747072 | 474268 |
| 9 | 10 વર્ષથી વધુ | આંતર-રાષ્ટ્રીય | 4,072,079 | 278,734 | 48,749 | 18,507 | 506,094 | 17,686 | 1,775,967 | 1,426,342 |
| 10 | 10 વર્ષથી વધુ | આંતર-રાજ્ય | 21,389,642 | 5,501,948 | 505,792 | 106,898 | 8,476,006 | 783,782 | 4,328,886 | 1,686,330 |

**પ્રાપ્તિ સ્થાન:-D-3: MIGRATION TABLES-(D-SERIES) CENSUS OF INDIA 2001**

ઉપરોક્ત કોષ્ટક મુજબ દેશના આંતર-રાષ્ટ્રીય સ્થળાંતરની માહિતી જોઈએ તો..

- દેશમાં 99,68,369 કુલ આંતર-રાષ્ટ્રીય સ્થળાંતર થાય છે ,જે કુલ સ્થળાંતરના 11.15 ટકા છે.
- કુલ આંતર-રાષ્ટ્રીય સ્થળાંતરમાંથી 9,04,248 લોકો રોજગારી મેળવવા માટે સ્થળાંતર કરે છે ,જે કુલ આંતર-રાષ્ટ્રીય સ્થળાંતરના 9.07 ટકા છે .
- કુલ આંતર-રાષ્ટ્રીય સ્થળાંતરમાંથી 1,18,024 લોકો વેપાર કરવા માટે સ્થળાંતર કરે છે ,જે કુલ આંતર-રાષ્ટ્રીય સ્થળાંતરના 1.18 ટકા છે.
- જયારે કુલ આંતર-રાષ્ટ્રીય સ્થળાંતરમાંથી 83,856 લોકો શિક્ષણ મેળવવા માટે સ્થળાંતર કરે છે ,જે કુલ આંતર-રાષ્ટ્રીય સ્થળાંતરના 0.83 ટકા છે .
- કુલ આંતર-રાષ્ટ્રીય સ્થળાંતરમાંથી 12,72,484 લોકો લગ્ન અર્થે સ્થળાંતર કરે છે ,જે કુલ આંતર-રાષ્ટ્રીય સ્થળાંતરના 12.76 ટકા છે .
- કુલ આંતર-રાષ્ટ્રીય સ્થળાંતરમાંથી 54,917 લોકો જન્મ પછી સ્થળાંતર કરે છે ,જે કુલ આંતર-રાષ્ટ્રીય સ્થળાંતરના 0.55 ટકા છે .
- દેશમાં 40,73,796 લોકો ઘરગથ્થું સાથે સ્થળાંતર કરે છે ,જે કુલ આંતર-રાષ્ટ્રીય સ્થળાંતરના 40.86 ટકા છે . તેમજ 34,61,044 લોકો અન્ય કારણોસર સ્થળાંતર કરે છે ,જે કુલ આંતર-રાષ્ટ્રીય સ્થળાંતરના 34.72 ટકા છે .
- આમ ઉપરોક્ત આંતર-રાષ્ટ્રીય સ્થળાંતરના આંકડા ઉપરથી એમ કહી શકાય કે દેશમાં સૌથી વધુ 40.86 ટકા લોકો ઘરગથ્થું સાથે સ્થળાંતર કરે છે .જયારે રોજગારી માટે 9.07 ટકા લોકો આંતર-રાષ્ટ્રીય સ્થળાંતર કરે છે.
- હવે દેશના રાષ્ટ્રીય સ્થળાંતરની વિગત જોઈએ તો કુલ 7,93,82,786 રાષ્ટ્રીય સ્થળાંતર થાય છે ,જે કુલ સ્થળાંતરનાં 88.84 ટકા છે .

- આંતર-રાષ્ટ્રીય સ્થળાંતરમાંથી 2,17,27,161 લોકો રોજગારી મેળવવા માટે કરે છે ,જે કુલ આંતર-રાષ્ટ્રીય સ્થળાંતરના 27.37 ટકા છે .
- કુલ રાષ્ટ્રીય સ્થળાંતરમાંથી 16,32,879 લોકો વેપાર કરવા માટે સ્થળાંતર કરે છે ,જે કુલ રાષ્ટ્રીય સ્થળાંતરના 2.05 ટકા છે .
- કુલ રાષ્ટ્રીય સ્થળાંતરમાંથી 10,98,476 લોકો શિક્ષણ મેળવવા સ્થળાંતર કરે છે ,જે કુલ રાષ્ટ્રીય સ્થળાંતરના 1.18 ટકા છે,
- કુલ રાષ્ટ્રીય સ્થળાંતરમાંથી 30,17,270 લોકો લગ્ન અર્થે સ્થળાંતર કરે છે ,જે કુલ રાષ્ટ્રીય સ્થળાંતરના 30.81 ટકા છે .
- કુલ રાષ્ટ્રીય સ્થળાંતરમાંથી 30,17,270 લોકો જન્મ પછી સ્થળાંતર કરે છે ,જે કુલ રાષ્ટ્રીય સ્થળાંતરના 3.80 ટકા છે .
- કુલ રાષ્ટ્રીય સ્થળાંતરમાંથી 1,89,37,002 લોકો ઘરગથ્થું સાથે સ્થળાંતર કરે છે ,જે કુલ રાષ્ટ્રીય સ્થળાંતરના 23.85 ટકા છે .ઉપરાંત 85,05,618 લોકો અન્ય કારણોસર સ્થળાંતર કરે છે ,જે કુલ રાષ્ટ્રીય સ્થળાંતરના 10.71 ટકા છે.

આમ, દેશના આંતર-રાજ્ય સ્થળાંતરની વિગત જોઈએ તો દેશમાં સૌથી વધુ 30.81 ટકા સ્થળાંતર લગ્ન માટે થાય છે. જયારે દેશમાં 27.37 ટકા લોકો રોજગારી અર્થે સ્થળાંતર કરે છે.

**5) ભારતમાં સ્થળાંતરનો પ્રવાહ:-**

ભારતમાં સ્થળાંતરનો પ્રવાહ કેવા પ્રકારનો છે, જેમાં ગ્રામીણ થી ગ્રામીણ, ગ્રામીણ થી શહેરી, શહેરી થી ગ્રામીણ અને શહેરી થી શહેરી વિસ્તારમાં લોકો સ્થળાંતર કરતા હોય છે. આ સ્થળાંતરના પ્રવાહની વિગતવાર આંકડાકીય માહિતી નીચે પ્રમાણેના કોષ્ટકમાં આપેલ છે.

| ક્રમ | સ્થળાંતર | રહેઠાણ | TRU | કુલ | પુરુષ | સ્ત્રી | ટકા |
|---|---|---|---|---|---|---|---|
| 1 | બાહ્ય જીલ્લા | ગ્રામીણ | ગ્રામીણ | 12,79,72,370 | 1,73,64,499 | 11,06,07,871 | 46.87 |
| 2 | બાહ્ય જીલ્લા | ગ્રામીણ | શહેરી | 1,90,90,398 | 74,84,323 | 1,16,06,075 | 6.99 |
| 3 | બાહ્ય જીલ્લા | શહેરી | ગ્રામીણ | 71,13,314 | 24,01,165 | 47,12,149 | 2.60 |
| 4 | બાહ્ય જીલ્લા | શહેરી | શહેરી | 1,08,13,540 | 48,39,563 | 59,73,977 | 3.96 |
| 5 | આંતર-જીલ્લા | ગ્રામીણ | ગ્રામીણ | 3,27,42,262 | 56,14,139 | 2,71,28,123 | 11.99 |
| 6 | આંતર-જીલ્લા | ગ્રામીણ | શહેરી | 1,72,55,955 | 80,94,328 | 91,61,627 | 6.32 |
| 7 | આંતર-જીલ્લા | શહેરી | ગ્રામીણ | 39,58,093 | 13,21,608 | 26,36,485 | 1.44 |
| 8 | આંતર-જીલ્લા | શહેરી | શહેરી | 1,50,33,103 | 65,16,092 | 85,17,011 | 5.50 |
| 9 | આંતર-રાજય | ગ્રામીણ | ગ્રામીણ | 1,10,20,974 | 31,01,484 | 79,19,490 | 4.03 |
| 10 | આંતર-રાજય | ગ્રામીણ | શહેરી | 1,53,40,003 | 89,27,298 | 64,12,705 | 5.61 |
| 11 | આંતર-રાજય | શહેરી | ગ્રામીણ | 19,27,996 | 8,24,636 | 11,03,360 | 0.70 |
| 12 | આંતર-રાજય | શહેરી | શહેરી | 1,07,15,671 | 51,45,025 | 55,70,646 | 3.92 |

**નોંધ:**-TUR /TOTAL URBAN RURAL

**પ્રાપ્તિ સ્થાન:- D-3: MIGRATION TABLES-(D-SERIES) CENSUS OF INDIA 2001**

ઉપરોક્ત કોષ્ટક પ્રમાણે બાહ્ય જીલ્લા સ્થળાંતરની માહિતી જોઈએ તો, દેશમાં કુલ 12,79,72,370 લોકો ગ્રામીણ થી ગ્રામીણ વિસ્તારમાં સ્થળાંતર કરે છે. જે કુલ સ્થળાંતરના 46.87 ટકા છે. જયારે ગ્રામીણ થી શહેરી વિસ્તારમાં થતું સ્થળાંતર કુલ સ્થળાંતરના 6.99 ટકા છે. શહેરી થી ગ્રામીણ વિસ્તારમાં 2.60 ટકા અને શહેરી થી શહેરી વિસ્તારમાં 3.96 ટકા લોકો સ્થળાંતર કરે છે.

આંતર-જીલ્લા સ્થળાંતરનાં પ્રવાહની માહિતી જોઈએ તો, દેશમાં કુલ 3,27,42,262 લોકો ગ્રામીણ થી ગ્રામીણ વિસ્તારમાં સ્થળાંતર કરે છે. જે કુલ સ્થળાંતરના 11.99 ટકા છે. જયારે ગ્રામીણ થી શહેરી વિસ્તારમાં થતું સ્થળાંતર કુલ સ્થળાંતરના 6.32 ટકા છે. શહેરી થી ગ્રામીણ વિસ્તારમાં 1.44 ટકા અને શહેરી થી શહેરી વિસ્તારમાં 5.50 ટકા લોકો સ્થળાંતર કરે છે.

આંતર-રાજ્ય સ્થળાંતરનાં પ્રવાહની માહિતી જોઈએ તો, દેશમાં કુલ 1,10,20,974 લોકો ગ્રામીણ થી ગ્રામીણ વિસ્તારમાં સ્થળાંતર કરે છે. જે કુલ સ્થળાંતરના 4.03 ટકા છે. જયારે ગ્રામીણ થી શહેરી વિસ્તારમાં થતું સ્થળાંતર કુલ સ્થળાંતરના 5.61 ટકા છે. શહેરી થી ગ્રામીણ વિસ્તારમાં 0.70 ટકા અને શહેરી થી શહેરી વિસ્તારમાં 3.92 ટકા લોકો સ્થળાંતર કરે છે.

આમ, આના ઉપરથી એમ કહી શકાય કે, દેશમાં સૌથી વધુ બાહ્ય જીલ્લા સ્થળાંતર થાય છે. તેમજ ગ્રામીણ થી ગ્રામીણ સ્થળાંતર 17,17,35,606 થાય છે. જે કુલ સ્થળાંતરના 62.59 ટકા છે. તેમજ શેહરી થી ગ્રામીણ સ્થળાંતર ખૂબ જ ઓછા પ્રમાણમાં થાય છે, જેના માટે રોજગારી, વેપાર, શિક્ષણ, સુવિધા, આંતર-માળખું, આર્થિક-સામાજિક કારણો વગેરે બાબતો જવાબદાર હોય છે.

❖ **સમાપન**

આમ, ભારત દેશના જુદા-જુદા વિસ્તારોમાં રોજગારીની તકો, વેપાર, વ્યવસાય, ઉદ્યોગો, આંતર-માળખાકીય સુવિધાઓ કે શૈક્ષણિક સુવિધાઓ વગેરે બાબતોનો વર્તમાન સમયમાં પણ પૂરતા પ્રમાણમાં વિકાસ થયો નથી. જેના પરિણામે દેશમાં હાલમાં પણ લોકોનું સ્થળાંતર મોટા પ્રમાણમાં થાય છે. પરંતુ આ વિસ્તારોમાં રોજગારીની તકો, વેપાર, વ્યવસાય, ઉદ્યોગો, આંતર-માળખાકીય સુવિધાઓ કે શૈક્ષણિક સુવિધાઓ વગેરે બાબતોનો વિકાસ અને વિસ્તાર કરવામાં આવશે તો દેશના આ સ્થળાંતરને ઘટાડી શકાશે.

**સંદર્ભ:**


- *Website:- http://censusindia.gov.in/Census_And_You/migrations.aspx publications/WCMS_310235/lang--en/index.htm*
- *Website:- https://www.iom.int/key-migration-terms*
- *Website:- http://censusindia.gov.in : Census of India 2001.*
- *Website:- http://censusindia.gov.in : Census of India 2011*
- *Website:- http://censusindia.gov.in D- Series Tables (Migration Tables) : Census of India 2001.*
- *Website:- http://censusindia.gov.in : Migration Profile: Census of India 2001*
- *Website:-www.nationalheographic.com Human Migration Guide National Macropolo Xpeditions*